# જમાનો બદલાઈ રહ્યો છે

આજકાલ નવાઈ લાગે એવું બધું દુનિયામાં બની રહ્યું છે. ક્યારેય તમે વિચારેલું કે કોઈ ઘરમાં સાસુ વહુની જોડી જામશે અને ઘરના દીકરાએ દુ:ખી થવું પડશે?

હું બિલકુલ સાચું કહું છું. જમાનો ખરેખર બદલાઈ ગયો છે. તમારા ઘરમાં નજર નાખે કદાચ તમે તટસ્થ રીતે જોઈ નહિ શકો, તમારી આંખોના દૂરબીનને જરાક દૂરના કોઈ નાનકડા પરિવાર ઉપર ફોકસ કરો અને જાતે નક્કી કરો.

ઘરમાં નવી આવેલી વહુ હવે શરમાળ અને ઓછા બોલી હોતી જ નથી. ક્યાંક અપવાદ હોય તોય થોડા જ દિવસોમાં એ તમને, 'મમ્મી, મમ્મી' અને 'પપ્પા, પપ્પા'ના ઘાંટા પાડતી જોવા મળશે. મને એવું લાગે છે કે આ શબ્દોની મીઠાશ જ એનું જાદુ પાથરી જાય છે. સાસુ 'સાસુ' મટી 'મા' બની જાય છે.. પહેલાંના જમાનામાં સસરાજી થોડા શરમાળ રહેતા પણ હવે તો એ પણ વિના સંકોચ ઘરમાં આવેલી નવી સવી પુત્રવધૂને એના નામે કે બેટા કહીને સંબોધે છે.

એક ઘરમાં હું થોડા ખાંખાખોળા કરી રહેલી, મને ખ્યાલ જ ન હતો આવી રહેલો કે એ ઘર આખરે છે કોનું? એમાં જે વડીલ દંપતી રહે છે એ એમના દીકરા-વહુ સાથે રહે છે કે દીકરી-જમાઈ સાથે? જ્યારે પણ એ ઘર તરફ નજર જાય એ બે વડીલ માણસોનું જોડકું અને એક યુવાન સ્ત્રી સાથે ને સાથે જ હોય. ક્યારેક સાથે બેસીને ટીવી સીરીયલ જોતા હોય તો ક્યારેક સાથે શોપિંગ કરવા બહાર નીકળતા હોય, ક્યારેક ત્રણે સાથે મળી મેથી સુધારવા બેઠા હોય તો ક્યારેક ઘરની સાફસફાઈ કરતા હોય. નવાઈની વાત એ કે



## લવ યુ જિંદગી

નિયતી કાપડીયા

એ ઘરનો યુવાન પુરુષ હમેંશા ગેરહાજર જ હોય, ક્યાંય પિક્ચરમાં દેખાય જ નહીં.

વધારે વખત આ સસ્પેન્સ ના સહેવાતા આખરે મેં એમના ઘરે જઈને એક દિવસ પૂછી જ લીધું, ત્યારે એ ઘરનો યુવાન પુરુષ બહાર જવા નીકળી જ રહ્યો હતો અને મેં એને આંતર્યો, ''એક મિનિટ ઊભો રહી જા ભાઈ, મને તું બસ એટલું કહી દે આ ઘરમાં જે બે વડીલ રહે છે એ કોના માબાપ છે? તારા કે તારી વાઈફ ના?''

એ મજાનું હસી પડ્યો અને કહે, ''એ અમારાં બંનેના માબાપ છે. એ મારા જન્મદાતા ખરા પણ લગ્ન બાદ સ્ત્રીનો બીજો જન્મ થાય છે એ સાચું હોય તો મારી પત્નીના માબાપ પણ એ જ છે. એની વાઈફની નજર મારા ઉપર પડતાં જ એણે મને ઘરની અંદર બોલાવી...

હું એમના બેઠક ખંડમાં સોફા પર ગોઠવાઈ ત્યારે છ આંખો મારી સામે હું જાણે કોઈ અજાયબ પ્રાણી હોઉં એમ જોઈ રહેલી. ચા નાસ્તા વિશે પણ પૂછાયું અને મેં વધારે સમય ના બગાડતા સીધી મારા મનની મૂંઝવણ પૂછી, ''સાસુ-વહ'' સગી ''મા-દીકરીની'' જેમ કેવી રીતે રહી શકે?

મને જે જવાબ મળ્યો એનો સાર એવો હતો કે આ દંપતીને એક છોકરો જનમ્યો એ પછી એમની એક દીકરી માટેની ઈચ્છા અધૂરી રહી ગયેલી. કેટલાક કારણોસર એમના ઘરે ફરી ઘોડિયું નહતું બંધાયું. બીજાની સરસ મજાની દીકરી જોઈ એમને ઘણો વસવસો થતો અને એક દિવસ એમના ઘરમાં રૂમઝૂમ કરતી વહુ આવી. હરખ તો ખૂબ હતો પણ બધાના મનમાં થોડી થોડી વરસો જૂની સામાજિક શંકા, કુશંકા પણ હતી. એક પળે અચાનક એ નવી આવેલી વહુએ સાસુને ''મમ્મી'' અને સસરાને ''પપ્પા'' કહી બોલાવ્યા અને બધું જ બદલાઈ ગયું. વરસોથી એમના ઘરમાં દીકરીની જે ખોટ હતી એ પૂરાઈ ગઈ. સામે છેડે વહુ પણ ખાનદાન ઘરની દીકરી હતી. જે ઘરમાં જાય ત્યાં સમાઈ જવું, એને જ પોતાનો પરિવાર માનવો એવા સંસ્કાર ગળથૂથીમાં લઈને આવેલી એણે એના નવા માબાપના હરખને વધાવી લીધો. એટલે આમ એક વહુ ઘરમાં દીકરી બનીને રહે છે.

આમ જુઓ તો એ ઘરમાં બધું સારું છે અને છતાં એક જગ્યાએ મોટો અન્યાય થઈ રહ્યો છે. એ ઘરના છોકરાને લાગે છે કે એનું ઘર હવે એનું નથી રહ્યું, એના માબાપ એના નથી રહ્યા બધું એની પત્નીએ પચાવી પાડ્યું છે! ઘરમાં દીકરાની મરજી પ્રમાણેની ચેનલ નથી ચાલતી, એની મરજી મુજબની રસોઈ નથી બનતી, એની કોઈ જીદ પૂરી થતી નથી, બધું જે એની પત્ની અને મમ્મી નક્કી કરે એમ જ થાય છે. છોકરાને આ વાતનું દુ:ખ છે પણ હું કહીશ કે આવું દુ:ખ બધા પુરુષોને મળે..!

**અમસ્તું,**

સાસુ વહુ બનીને ઘણુંય ઝઘડી લીધું હવે થોડું મા દીકરી બનીને પણ જીવી લઈએ, જમાનો બદલાઈ રહ્યો છે...

# અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કૉલેજ દ્વારા કલા વિષયક પ્રવૃત્તિઓનું આયોજન


ગાંધીનગર, તા. ૨૩

કોવિડ-૧૯ મહામારીના આ કપરા સમયગાળા દરમિયાન વિદ્યાર્થીઓની સર્જનાત્મક પ્રતિભાનો ખીલવવાના ઉદ્દેશથી કડી સર્વ વિદ્યાલય સંચાલિત અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કૉલેજ દ્વારા જુદી-જુદી કલા-વિષયક પ્રવૃત્તિઓનું આયોજન 'અનુભૂતિ' શૃંખલા હેઠળ થવા જઈ રહ્યું છે.

આ ઉપક્રમમાં સહુ પ્રથમ ઓનલાઈન ચિત્ર સ્પર્ધાનું આયોજન ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ કરવામાં આવ્યું હતું. 'લોકડાઉનની હકારાત્મક અસરો' વિષય ઉપર યોજાયેલી આ સ્પર્ધામાં કૉલેજના ત્રણેય વર્ષના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈનો પોતાની અનુભૂતિનો કેનવાસ અને પીંછીના માધ્યમથી વ્યકત કરી હતી. આ સ્પર્ધામાં મારુ રિંકલ પ્રવિણભાઈ પ્રથમ સ્થાનો, પટેલ ચાર્મિશ ઉમેશભાઈ દ્વિતીય સ્થાને અને ભદાનિયા હર્ષ તૃતીય સ્થાનો વિજેતા બન્યા હતા.

આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે વડોદરાના ડી આર અમીન મેમોરિયલ સ્કૂલના ચિત્ર શિક્ષક નિખિલભાઈ સોનીએ સેવા આપી હતી.

આ સ્પર્ધાનું આયોજન કૉલેજના આચાર્યા ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ પ્રા. નયના રંગવાલાએ કર્યું હતું.



# વૉશ યૉર હેન્ડ્સ : રેડક્રોસ દ્વારા સફાઈ કર્મીઓને સાબુનું વિતરણ



ગાંધીનગર, તા. ૨૩

વૈશ્વિક મહામારી કોરોનાને અટકાવવા માટે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, રાજય શાખાનના સહયોગથી અને નેશ્લે કંપનીના સૌજન્યથી ગાંધીનગર જિલ્લા રેડક્રોસ દ્વારા 'વૉશ યૉર હેન્ડ્સ' તમારા હાથ ધુઓ અભિયાન ચલાવાયું હતું. તેના અંતર્ગત જિલ્લા રેડક્રોસના ચેરમેન જિલુભા ધાંધલ અને કોર્પોરેટર હર્ષાબા ધાંધલ દ્વારા મહાનગર પાલિકાના સફાઈ કામદારોને તથા જરૂરતમંદોને ૫૫૪ નંગ માઈસોર સેન્ડલ સાબુનું વિતરણ કરવામાં આવ્યું હતું.

રેડક્રોસના અશ્વિન દવે દ્વારા બેનર સાથે લોકોને માસ્ક પહેરવા અને સતત હાથ ધોવાની અપિલ કરીને જાગૃતિ આણવા પ્રયાસ કર્યો હતો. મહાનગર પાલિકાના દરેક વોર્ડમાં સફાઈ કામદારોને સાબુ વિતરણ તથા જાગૃતિ અભિયાનમાં હેમાંગ દોશી, લાલજી હેરમા, મનસુખભાઈ સોલંકી તથા મહેન્દ્રભાઈ ચૌહાણે વ્યવસ્થાપન કર્યું હતું.

# જાયન્ટ્સ પરિવાર દ્વારા સેકટર-૨૬ના બગીચામાં વૃક્ષારોપણ કરાયું



ગાંધીનગર, તા. ૨૩

જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન તથા સાહેલીના સંયુક્ત ઉપક્રમે ન્યુ ગ્રીન સીટી સેકટર-૨૬ના પબ્લીક ગાર્ડનમાં લીમડાના વૃક્ષોની વાવણી કરી હતી. આ ગાર્ડનનો સેકટર-૨૬ના વસાહતીઓ નાના મોટા સુંદર સામાજિક તેમજ ધાર્મિક પ્રંસગો માટે ઉપયોગ કરે છે. લીમડાના કેટલાક ઘટાદાર વૃક્ષો હયાત છે જ. પરંતુ ફેન્સીંગની ધાર ઉપર વધુ લીમડાંના વૃક્ષો વાવીને ગ્રીનરીમાં વધારો થાય તથા પર્યાવરણ બચાવો ઝૂંબેશના ભાગરુપે લીમડાના વૃક્ષોની વાવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં જા.વે.ફા.ના બ્રાન્ચ પ્રમુખ બી એમ પટેલ, સાંકાભાઈ પટેલ, નટુભાઈ પટેલ, મેઈન ગ્રુપના પ્રમુખ વિકેશ પટેલ, ન્યુ ગ્રીન સીટીના ઉત્સાહી તથા મેઈન ગ્રુપના ડીએ પીંડલ પટેલ, સાહેબી ગ્રુપના પ્રમુખ તથા કાઉન્સીલર શ્રીમતી નીલાબેન શુક્લ, યુ.ડી. શ્રીમતી ગાયત્રીબેન પટેલ, શ્રીમતી સોનલબેન, શ્રીમતી ચેતનાબેન, હેમુબેન તથા સાહેબી બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈ આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે બીવીએમ એલ્મની એસોસિએશન દ્વારા 'બીવીએમ રોડમેપ્સ ટુવાર્ડસ યુ.એસ.એ/કેનેડા - G2G 2022' યોજાઈ

ગણપત વિદ્યાનગર, તા. ૨૩

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ના એલ્મની એસોસિએશન દ્વારા ' બીવીએમ રોડમેપ્સ ટુવાર્ડસ યુ.એસ.એ/કેનેડા -G2G 2022 યોજાયી.જેમાં મુખ્ય અતિથિ તરીકે ચારુતર વિદ્યામંડળ ના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ, એન્જીનીયર કેતન પટેલ (યુ.એસ.એ), ડૉ. ઈંદ્રજિત એન.પટેલ (પ્રિન્સિપાલ, બીવીએમ), એન્જીનીયર પ્રદીપભાઈ પટેલ(માનદ મંત્રી,બીવીએમ એલ્મની એસોસિએશન), ડૉ.દિપક વ્યાસ (માનદ સહમંત્રી, બીવીએમ એલ્મની એસોસિએશન), એલ્મની મેમ્બર્સ રવિન્દ્ર ખેતાણી, ભાસ્કર દેસાઈ, અશોક જેઠવા, મિનેષ અમીન, પ્રક્ષ ચંદ્ર ભગત, શરદ અમીન, હેમંત અમીન, વિનાયકાન્ત શાહ, આર. ટી. પ્રજાપતિ, વિનોદ પંચાસરા, પ્રફુલ જોબનપુત્રા તથા બીવીએમ એલ્મની એસોસિએશન એક્ઝિક્યુટિવ મેમ્બર્સ ડૉ. વિનય પટેલ, ડૉ. ભાર્ગવ ગોરડિયા, ડૉ કેયુર બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા



સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે સૌનું અભિવાદન કરતા જણાવ્યું હતું કે ૧૪ જૂન ૧૯૪૮ ના રોજ સ્થપાયેલી બીવીએમ એ સરદાર પટેલ,પૂજ્ય ભાઈકાકા તથા ભીખાભાઈના સ્વપ્ન સાકાર કરવામાં માટે ડૉ. એચ.એમ. પટેલ, ડૉ.સી.એલ.પટેલ તથા સીવીએમના વર્તમાન અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈના માર્ગદર્શન હેઠળ યુથ ડેવલપમેન્ટ માટે બીવીએમ એલ્મની મેમ્બર્સના સહયોગથી સતત પ્રયત્નશીલ છે વિદ્યાર્થીઓ થી શરૂ કરીને અધ્યાપકો, ડિપાર્ટમેન્ટ તથા કોલેજ લેવલે સ્ટુડન્ટ સપોર્ટ, સ્કોલરશીપ, ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ, લેબ ડેવલપમેન્ટમાં એલ્મની મેમ્બર્સનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. વર્તમાન સમયમાં બીવીએમ એલ્મની એસોસિએશન દ્વારા ડિજિટલ પોર્ટલ ડેવલપ કરવામાં આવ્યું છે. તેના દ્વારા બીવીએમ એલ્મની મેમ્બર્સ સરળતાથી કનેક્ટ થઈ શકે છે. ઉપરોક્ત ઈવેન્ટ નો મૂળભૂત ઉદેશ્ય વર્ષ ૨૦૨૨-૨૩માં બીવીએમ પ્લેટિનમ જ્યુબિલી સેલિબ્રેશનના ભાગ રૂપે મહત્તમ એલ્મની મેમ્બર્સને પુરા વિશ્વમાંથી કનેક્ટ કરવાનો તથા નોર્થ અમેરિકા, યુરોપ તથા કેનેડામાં એક્ટિવિટી પ્લાનિંગ એન્ડ એક્ઝિક્યુશનનો હતો.



રાધનપુરના એક કુટુંબના વ્યક્તિની તબીયત ગંભીર હતી અને તેમને ઈમરજન્સીમાં કે ડી હોસ્લિટલમાં બલ્ડની જરૂરીયાત પડી ત્યારે 'રાધે-રાધે પરીવાર ગ્રુપ'ના શાહીલ પટેલ, કાજલ વૈષ્ણવ, હાર્દીક સુખડીયા, અને હાર્દિક પ્રજાપતિએ પોતાનુ લોહી આપી એક સરાહનીય કાર્ય કર્યુ હતું અને તેમને સમાજને જણાવ્યું કે 'દાન તો ગુજરાતના લોહીમાં જ છે, તો લોહીનું દાન કેમ નહીં.' આવો નિયમિત રક્તદાન કરીએ, જરુરિયાતમંદને નવજીવનની ભેટ આપીએ.

# આજે વર્લ્ડ મેરીટાઈમ ડે

વિશ્વના અર્થતંત્રમાં આંતરરાષ્ટ્રીય દરિયાઈ ઉદ્યોગના યોગદાનની ઉજવણીના હેતુથી દરવર્ષે સપ્ટેમ્બરના છેલ્લા અઠવાડિયામાં આવતા ગુરૂવાર ના રોજ વર્લ્ડ મેરીટાઈમ ડે ની ઉજવણી કરવામા આવે છે. યુનાઈટેડ નેશન્સ (UN) અને આંતરરાષ્ટ્રીય દરિયાઈ સંગઠન (IMO) દ્વારા આ દિવસની ઉજવણી કરવામા આવે છે. દર વર્ષે વર્લ્ડ મેરીટાઈમ ડે




અલગ અલગ થીમ સાથે ઉજવવામા આવે છે. આ વર્ષની થીમ "Sustainable shipping for a sustainable planet" છે. જેમાં આંતરરાષ્ટ્રીય દરિયાઈ સંગઠન (IMO) દ્વારા સભ્ય દેશોના ટાર્ગેટ એચિવમેંટ અને કરેલા કામોની વિગતો પર ચર્ચા ઓનલાઈન માધ્યમથી કરવામા આવશે. વિશ્વ મેરીટાઈમ ડે ૧૭ માર્ચ, ૧૯૭૮ ના રોજ પ્રથમ વખત યોજાયો હતો. તે સમયે આ સંગઠનમાં માત્ર ૨૧ સભ્ય દેશો હતા. હવે તેમાં લગભગ ૧૬૭ સભ્ય દેશો છે. જેમાં શિપિંગ ઉદ્યોગ અને દરિયાઈ પર્યાવરણને બચાવવા માટેના દરિયાકાંઠાના રાજ્યો સાથે સંકળાયેલા લોકોનો સમાવેશ થાય છે. વિશ્વ મેરીટાઈમ ડે એ દરિયાઈ પ્રદૂષણના નિયંત્રણ તથા વહાણોની સુરક્ષા અને સલામતી પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

- વિશ્વની ૯૦% ચીજોનુ પરિવહન દરિયાઈ માર્ગે થાય છે.
- દરિયાઈ શિપિંગ એ સૌથી સલામત અને પર્યાવરણને અનુકૂળ પરિવહન છે.
- સમુદ્ર દ્વારા મોટા પ્રમાણમાં માલસામાનનુ પરિવહન અન્ય માધ્યમો કરતા ખુબ સસ્તુ હોય છે.
- ખુબ મોટા કન્ટેનર જહાજો દ્વારા ચીજવસ્તુઓનુ વહન થઈ શકે છે.
- વિશ્વના સૌથી મોટા કન્ટેનર જહાજોના બાંધકામમાં ૨૦૦ મિલિયનથી વધુનો ખર્ચ થાય છે.
- લકઝરી ક્રુઝ જહાજોની કિંમત ૧.૪ અબજ ડોલરથી વધુ છે.
- વિશ્વની સૌથી મોટી વાહનોની રજિસ્ટ્રી પનામા છે.

- પ્રો. જીગર એસ બારોટ

# ચિલોડા-ડભોડા વિભાગ વ્યાયામ મંડળની સાધારણ સભા યોજાઈ

## રાજય અને જિલ્લાના પારિતોષિક વિજેતા શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું

ચિલોડા, તા. ૨૩

ચિલોડા-ડભોડા વિભાગ વ્યાયામ મંડળના અધ્યક્ષ મનુભાઈ પ્રજાપતિની ઉપસ્થિતિમાં સાધારણ સભા યોજાઈ હતી. જેમાં મંડળના પ્રમુખ દલસંગભાઈ ચૌધરી, મંત્રી દિપકભાઈ શુકલ્, તેમજ મુખ્ય મહેમાનપદે આર કે ચૌધરી (ગુજરાત રાજય વ્યાયમ મંત્રી) અતિથિ વિશેષ, એસ કે પટેલ (બાલવા) જે બી



ચૌધરી (મગોડી) ઉપસ્થિત રહ્યા હતા. આ તબક્કે રાજય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિજેતા શૈલેષભઆઈ પટેલ (બાલવા) અને જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિજેતા જે બી ચૌધરી (મગોડીનું) મોમેન્ટો અને શાલ ઓઢાડીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ વયમર્યાદાને લીધે નિવૃત્ત થયેલા શાહપુર હાઈસ્કૂલના આચાર્યા મુકેશભાઈ ભટ્ટનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આચાર્યો અને વ્યાયામ શિક્ષકોએ વિશેષ શુભેચ્છા અને અભિનંદન પાઠવ્યા હતા.




૧૨૫મી મેઘાણી જયંતી વર્ષ અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ સ્થિત રવિભાણ સંપ્રદાયના સંતશ્રી અક્કલદાસજી સાહેબ સમાધિ સ્થળના દર્શનાર્થે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી મેઘાણી.

## ડાયરેક્ટ સે

જેનામાં ખોટ ખાવાની તાકાત હોય ને, એ જ નફો કરી શકે, પછી એ ધંધો હોય કે સંબંધ...

# જન્મદિને વધામણી




**આશાબેન સરવૈયા**
કાર્યક્રમ સંયોજક
કલરવ, કલા ગુર્જરી, શિવરંજની
સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૩ ૩૩૬૭૫



**ભરતભાઈ દવે**
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૨ ૫૨૫૬૫



**શીતલ સતિષજી ઠાકોર**



**સિદ્ધિ સતિષજી ઠાકોર**



**સાહિલ પટેલ**
રાધે-રાધે પરિવાર, ગાંધીનગર



**જીતુ મેઘવાલ**
મો. ૮૪૦૧૦ ૮૯૩૧૨

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક



માસ્ક પહેરો... કોરોનાથી બચો...